# ઋણ સ્વીકાર

સારા કાર્યો હંમેશાં નિર્મિત થયલા હોય છે અને સારા કાર્યો ક્યારેય કોઈ એક વ્યક્તિથી થતા નથી. એમાં ઘણા-બધાંનો પુરુષાર્થ હોય છે. મારા આ શિક્ષણના મહાયજ્ઞમાં પણ મારા અનેક મિત્રો, સહાધ્યાયીઓ, ગુરુજનો, પરિવારજનોનો પુરુષાર્થ રહેલો છે.

હું જયારે એમ.એ. થયો ત્યારથી મારા મનમાં હતું કે હજી આગળ અભ્યાસ કરવો છે. એમ.એ. ગુજરાત વિદ્યાપીઠમાં કર્યું. ત્યાં ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય, કપિલાબહેન પટેલ, આનંદ વસાવા, પ્રો. અશોક પટેલ આ બધાએ મારી સાહિત્યિક અને શૈક્ષણિક જયોતને પ્રજવલિત કરવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

એમ.એ. બાદ એમ.ફિલનું નક્કી કર્યું પણ વિષય અંગે મનમાં થોડું અવઢવ હતું કે ગદ્યમાં જવું કે પદ્યમાં, તો વળી મનમાં લોકસાહિત્ય પણ રમતું હતું. પરંતુ મને મૂળે 'વાર્તાતત્ત્વ' વિશેષ ગમતું. બાળપણમાં સ્કૂલ-કૉલેજકાળમાં ઘણી નવલકથાઓ વાંચતો એ વખતથી મારા મનમાં વાર્તાતત્ત્વનો પ્રભાવ. બધી નવલકથાઓના દશ્યો મનમાં આજે પણ સચવાયેલા પડ્યાં છે. તેથી એમ.ફિલ માટે બે નવલકથાઓ પસંદ કરી અને "લીલુડી ધરતી અને તુલસી ક્યારો - નવલકથામાં સામાજિક વાત્સવનું નિરૂપણ" વિષય પર એમ.ફિલ. કરવાનું નક્કી કર્યું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ અને જાણીતા સર્જકશ્રી પ્રો. ડૉ.નીતિન વડગામા સાહેબના માર્ગદર્શનમાં મારું આ ભગીરથ કાર્ય પણ પૂર્ણ કર્યું. વડગામા સાહેબે ખૂબ પ્રેમથી મને માર્ગદર્શન આપ્યું છે અને આગળ પીએચ.ડી. ના અભ્યાસનો માર્ગ પણ ખોલી આપ્યો હતો.

વર્ષ ૨૦૧૧ માં પીએચ.ડી. શરૂ કર્યું. મારી માટે આ ખૂબ જ વિશાળ કાર્ય હતું. માર્ગદર્શક ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનનાં પ્રો. ડૉ. દીપક પટેલ સાહેબે મારા આ કાર્યને એમના જ્ઞાન અને અનુભવને આધારે એકદમ સરળ કરી આપ્યું. મને સતત જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યારે ત્યારે માર્ગદર્શન આપ્યું છે. સંશોધનની એક નવી દિશા એમણે મને ચીંધી આપી છે. કોઈપણ સાહિત્યિક કૃતિને કઈ રીતે મૂલવવી એ એમણે મને શીખવ્યું છે.

મારો વિષય પસંદ કરવામાં પણ એમનું માર્ગદર્શન મને મળ્યું છે - ''લાભશંકર ઠાકરનું ગદ્ય સર્જન'' જેમાં નવલકથા, નાટક, નિબંધ, ચિરત્રલેખન અને બાળસાહિત્ય સંદર્ભે પર કામ કરવાનું હતું. પણ મને મજા આવી છે. લાભશંકર ઠાકર આપણી ભાષાના ઉત્તમ સર્જક છે. એમની નવલકથાઓ-નિબંધોમાંથી પસાર થતાં એક અલૌકિક દુનિયામાંથી પસાર થતા હોઈએ એવી અનુભૂતિ થાય છે. લા.ઠા.નો કથા પ્રવાહ દરિયાના ધસમસતા મોજાઓ જેવો છે. એનો એક ચોકકસ લય પણ છે. એમં વહેવું અને પલળવું આપણને ગમે છે. એમણે પરંપરા અને પ્રયોગ બન્નેને સાચવ્યાં છે. સર્જક તરીકે આપણી ભાષામાં તેઓ હંમેશા જીવિત રેહેશે.

મારા ઉચ્ચ અભ્યાસ દરમિયાન ડૉ. બળવંત જાની સાહેબ, ડૉ. નીતિન વડગામા સાહેબ, ડૉ. બિપિન આશર સાહેબ, અંબાદાન રોહડિયાસાહેબ, ડૉ. મનોજ જોશી સાહેબ, ડૉ. પ્રભુ ચૌધીર સાહેબ, ડૉ. જે.એમ.ચંદ્રવાડિયા સાહેબે પણ ક્યાંક ને કયાં મને રાહ ચિંધ્યો છે. રસ્તો બતાવ્યો છે. હું એમનો પણ આભાર માનું છું.

મારા આ મહાસંશોધન યાત્રામાં જેમની હૂંફ અને પ્રેરણાથી હું અહીં સુધી પહોંચ્યો છું તેના હકદારોમાં પૂજ્ય માતાશ્રી ગંગાબેન, પિતાશ્રી લવજીભાઈ, વંદનીય લાલજીભાઈ, જયંતીભાઈ, મનુભાઈ અને પૂજનીય મારા સાસુ પ્રફુલ્લાબેન, સસરા ગુલાબભાઈ, મારી પ્રિયપત્ની સ્નેહલ તેમજ સહપરિવાજનો છે. આપ સર્વેનો મને સતત સાથ-સહકાર અને આશીર્વાદને લીધે જ પ્રત્યેક કપરી પરિસ્થિતિમાંથી આગળ આવવાની હિંમત મળી છે. મિત્રોએ પણ મને પ્રોત્સાહિત કર્યો છે તેમનો પણ આજીવન ઋણી છું.

અંતે ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગ્રંથાલય, ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ વગેરેનો આભાર માનું છું. જ્યાંથી મને પુસ્તકો મળ્યાં છે. અને ફરીથી મારા એમ.ફિલના તથા પીએચ.ડી.ના માર્ગદર્શકશ્રીઓ પ્રો.ડૉ.નીતિન વડગામા સાહેબ તથા પ્રો.ડૉ. દીપક પટેલ સાહેબના ચરણોમાં વંદન કરી મારા આ મહાશોધનિબંધને હું પૂર્ણ કરું છું.

સ્થળ :

તારીખ : વિનુભાઈ એલ. ચૌહાણ